# ભારતીય જનતા પક્ષ

11, અશોક રોડ , નવી દિલ્હી

# અખબારી યાદી

આંધ્ર પ્રદેશના વિભાજન બાબતે ધારાસભ્ય શ્રી યેન્નમ શ્રીનિવાસ રેડ્ડીએ ભાજપના વરિષ્ઠ નેતા સામે શ્રી એમ વેંકૈયા નાયડુ સામે કરેલી ટિપ્પણીઓની પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહે ગંભીર નોંધ લીધી છે. તે ધારાસભ્ય સામે યોગ્ય પગલાં લેવા માટે તેમણે પ્રદેશ પ્રમુખ શ્રી જી કિશન રેડ્ડીને સૂચના પણ આપી છે.

શ્રીનિવાસ રેડ્ડીએ ટિપ્પણી કર્યા પછી તેના માટે માફી માગી હતી. તે ધારાસભ્ય સામે કોઇ કાર્યવાહી કરવાની કોઈ જરૂર ન હોવાનું શ્રી નાયડુએ રાષ્ટ્રીય અને પ્રદેશ પ્રમુખો બંનેને કહ્યું હતું.

આ ઘટનાને ધ્યાનમાં રાખીને શ્રી રાજનાથ સિંહે પ્રદેશ પ્રમુખોને એવી સૂચના આપી છે પક્ષના નેતાઓએ જાહેરમાં અયોગ્ય અને અનધિકૃત ટિપ્પણીઓ કરવાથી દૂર રહેવું.

તે ધારાસભ્યના બચાવમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય શ્રી પી ચંદ્રશેખર દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓની પણ ગંભીર નોંધ લેવામાં આવી છે. તેમણે આ મુદ્દા પર પ્રદેશ પ્રમુખ પાસે એક અહેવાલ માગ્યો છે અને તે અહેવાલ પ્રાપ્ત થયે યોગ્ય પગલાં લેવામાં આવશે.

પક્ષના અમુક વરિષ્ઠ નેતાઓ સામે ચોક્કસ જૂથો દ્વારા ધમકીઓ અપાતી હોવા બાબતે પણ કેન્દ્રીય નેતાગીરીએ નોંધ લીધી છે અને પક્ષ શિસ્ત અને શિષ્ટાચારને અનુસરવા તેમને સૂચના આપી છે. તેમણે જણાવ્યું છે કે કોંગ્રેસના બદઈરાદા સામે પક્ષ સજાગ છે અને તેમની યુક્તિઓનો શિકાર ન બનવા પક્ષના કાર્યકરોને અનુરોધ કર્યો છે.

શ્રી રાજનાથ સિંહે તેલંગણા રાજ્ય રચવા માટે ભાજપની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને જણાવ્યું હતું કે સીમાંધારા વિસ્તારમાંના લોકોના હિતોની અવગણના પણ ન થવી જોઇએ.

(અરુણ કુમાર જૈન)

ઓફિસ સેક્રેટરી